## પ્રકરણ : ૧

## કથાગીત – સિધ્ધાંત ચર્ચા (સ્વરૂપ અને લાક્ષણિકતા)

### ભૂમિકા -

માનવ સમુદાયમાં આદિકાળથી ચાલી આવેલી કંઠોપકંઠની પરંપરાને લોકસાહિત્ય કહેવામાં આવે છે. લોકસાહિત્ય એ લોકવિદ્યાનો એક વિભાગ છે. લોકસાહિત્યનો એક પ્રકાર તે લોકગીતનું સ્વરૂપ છે. અને લોકગીતના પેટા પ્રકાર રૂપે કથાગીત - ગીતકથા મળે છે. કથાગીત - ગીતકથાના સ્વરૂપ , લક્ષણો તેમજ તેના વર્ગીકરણ વિશે વિચારતા પહેલાં લોકવિદ્યા વિશેની જાણકારી અનિવાર્ય છે.

### લોકવિદ્યા : સંજ્ઞા પરિચય

લોકવિદ્યા શબ્દ આપણે ત્યાં અંગ્રેજી "ફોકલોર" ના પર્યાયરૂપે પ્રયોજવામાં આવે છે. યુરોપમાં 19 મી સદીમાં રોમેન્ટિસિઝમની અસર હેઠળ પુરાવસ્તુ પ્રેમ જાગ્યો; યુરોપની આદિમ પ્રજાઓ અને તેમના ભ્રમણો તેમજ યુરોપની નામશેષ થઈ ગયેલી જૂની સંસ્કૃતિઓ વિશે શોધ ચાલી, કેલ્ટિક, ટયુટોનિક અને ભારતની સંસ્કૃત જેવી પ્રાચીન ભાષાઓમાં પ્રાચ્ય વિદ્યાપ્રેમીઓને રસ જાગ્યો. તુલનાત્મક ભાષાશાસ્ત્ર જેવી વિદ્યાશાખા અસ્તિત્વમાં આવી. આમ "ફોકલોર' ને એક વિદ્યાશાખા તરીકે પ્રતિષ્ઠિત કરવામાં આ પરિબળોનો મહત્વનો ફાળો રહ્યો છે.

પ્રારંભમાં "એન્ટિ ક્વિટિઝ' ના નામે "લોકવિદ્યા" નું ખેડાણ થયું. ઈ. સ 1812 થી જેકબ અને વિલ્હેમ એ બે ગ્રિમબંધુઓ પાસેથી લોકકથા અને જર્મેનિક માયથોલોજી પરની કૃતિઓ મળે છે. જેનો પ્રભાવ સમગ્ર યુરોપ પર ઝીલાયો. ગ્રિમબંધુઓએ આ વિષય માટે " Volkskunde " શબ્દનો પ્રયોગ કર્યો. તેની સાથે સાથે " Popular antiquities "શબ્દ પણ પ્રચલિત બન્યો, અહીં એક જ વિદ્યાશાખા માટે બે નામો પ્રચલિત થતા કેટલીક સમસ્યાઓ સર્જાઈ. તેના ઉકેલરૂપે ઈ.સ. 1846 ના ઓગષ્ટ માસમાં "એથેનિયમ" (Athenaeum ) નામના સાપ્તાહિકમાં "માર્ટિન" ઉપનામ હેઠળ વિલિયમ જહોન થોમસે એક પત્ર લખ્યો અને તેમણે આ વિદ્યાશાખા માટે "folk lore " શબ્દનો પ્રયોગ કરવાનું સૂચવ્યું(1) તેમના આ સૂચનનો સ્વીકાર થયો અને યુરોપની ઘણી ભાષાઓમાં "ફોકલોર" શબ્દ પ્રચલિત બન્યો. જો કે રિચાર્ડ ડોર્સન "ફોકલોર" ને બદલે "ફોકલાઇફ" વધુ પ્રચલિત બનશે તેની શક્યતા પર ભાર મૂક્યો હતો. (2)

"ફોકલોર" સામાસિક પદ છે. "ફોક" અને "લોર" બે સ્વતંત્ર શબ્દોના સંયોજનથી તે બને છે. એંગ્લોસેક્સન " folc" પરથી અંગ્રેજી "folk" અને જર્મન "Volk" શબ્દો ઊતરી આવ્યા છે. એનસાઈક્લોપીડિયા બ્રિટાનિકામાં "ફોક" શબ્દની થયેલી સ્પષ્ટતા પ્રમાણે, "ફોક" શબ્દના બે છેડાના અર્થો મળે છે. (૧) આદિમ સમાજ કે સામાન્ય સંસ્કૃત સમાજ (૨) સભ્ય રાષ્ટ્રની સમગ્ર જનતા(3) એક તરફ "અસભ્ય" કે "અવિકસિત" માટે આ શબ્દ પ્રયોજાય છે તો બીજી તરફ સમગ્ર વિકસિત કે વિકાસમાન રાષ્ટ્ર માટે પણ પ્રયોજાય છે. જો કે અહીં પ્રથમ અર્થ જ અભિપ્રેત છે. " Lore" શબ્દ સેક્સન "Lar" પરથી ઊતરી આવ્યો છે. "Lar" એટલે "જે શીખવવામાં આવે છે તે વિદ્યા", આ અર્થમાં "ફોકલોર" એટલે "લોકવિદ્યા" આર્ચર ટેલર "લોકવિદ્યા" વિશે કહે છે કે. "લોકવિદ્યા" એટલે મુખપરંપરાથી કે રીતરિવાજથી પરંપરાગત ઊતરતી આવેલી સામગ્રી અને તે અંગેની બધી જાણકારી કે વિદ્યા" (4)

"ફોક" ના પર્યાયરૂપે આપણે ત્યાં સંસ્કૃત પરંપરાનો "લોક" શબ્દ પ્રચલિત છે. ઋગ્વેદમાં "લોકશબ્દ" ભુવન અને સ્થાનના અર્થમાં પ્રયોજાયો છે. (5) "લોક" શબ્દના ઇહલોક, પરલોક, ત્રિલોક જેવા મળતા અર્થો ઉપરાંત બીજા પણ અર્થો મળે છે. (6) " folk" ના પર્યાયરૂપે મળતો "લોક" શબ્દ અહી વિસ્તૃત અર્થમાં પ્રયોજાયો છે. "લોક" નો એક અર્થ જનસામાન્ય – જનસમુદાય પણ થાય છે. આ અર્થ "ફોક" શબ્દના અર્થની વધુ નજીક છે. કારણ કે અહી તો "સામાન્ય" કે "અસંસ્કૃત લોકસમુદાય" કે ઇતરજન એ અર્થ અભિપ્રેત છે. આજે "લોક" એટલે મુખ્યત્વે "શિક્ષણથી વંચિત" કે નિરક્ષર કે મામૂલી અક્ષરજ્ઞાન ધરાવતી વ્યક્તિ કે સમુદાય, ગ્રામીણ પ્રજા એમ મનાય છે. પણ "લોક" શબ્દને માત્ર "ગ્રામ્ય" કે "જનપદ" એમ મર્યાદિત અર્થમાં ન લઈ શકાય. "લોક" એટલે નગરો અને ગામડાઓમાં ફેલાયેલો એ જનસમુદાય કે જેની પાસે શિષ્ટ સંસ્કારો, શાસ્ત્રીયતા, પાંડિત્યની ચેતના નથી. જેઓ એક પરંપરાગત પ્રવાહમાં જ જીવતા હોય છે તેમ કહી શકાય. શિષ્ટ માનવી પણ પરંપરાને વળગીને જીવતો હોય તો તેને પણ લોક કહેવો પડે.

"ફોકલોર" ના પર્યાયરૂપે આપણે ત્યાં "લોકવિદ્યા" શબ્દ પ્રચલિત બન્યો છે. સામાસિક શબ્દ "લોકવિદ્યા" માં "લોક" એ

સંજ્ઞા ન રહેતા વિશેષણ બન્યું છે. આજે “લોકવિદ્યા” શબ્દ એક વિદ્યાક્ષેત્ર (discipline) તેમજ એમાંની સામગ્રી ( content ) એમ બંને માટે વપરાય છે. આગળ ઉલ્લેખ કર્યો છે તેમ લોકવિદ્યાની મુખ્ય આવશ્યક શરત પરંપરાગત હોવું તે છે, તે લોકજીવન સાથે વણાયેલી છે. આદિ માનવજાતિઓની બુધ્ધિની નૈસર્ગિક, સહજ અને પ્રત્યક્ષ અભિવ્યક્તિ લોકવિદ્યામાં જોવા મળે છે. માનવજાતિના યુગો યુગોથી થતા આવેલા અનુભવો અને જાણેલી વાતોનો વારસો તેમાં સચવાયેલો છે. મૌખિક પરંપરાનું તત્વ એ તેનો પ્રાણ છે.

લોકવિદ્યાના વિભાગો -

કનુભાઈ જાનીએ લોકવિદ્યાના આટલા વિભાગો સૂચવ્યા છે.

(૧) લોકોના ભૌતિક જીવનને લગતો વિભાગ જેમાં માનવીની મકાનરચના , પહેરવેશ, અન્નાદિની ટેવો, વ્યવસાય રાચરચીલું વગેરે આવે.
(૨) સામાજીક જીવનને લગતો વિભાગ જેમાં રીતરિવાજો, ધાર્મિક વિધિઓ, લગ્ન- મરણની ક્રિયાઓ, ઓસડિયા મૂળિયાં, ટોચકા – મંત્રોનું વૈદુ , શુકન – અપશુકન, સ્વપ્નો, માન્યતાઓ વગેરે આવે.
(૩) લોકકળાઓનો વિભાગ કે જેમાં સંગીત, નૃત્ય , નાટક અને ચિત્ર આવે; અને
(૪) લોકસાહિત્યનો વિભાગ કે વાઙમય કળાનો સમાવેશ થાય. (7)

કનુભાઈ જાની લોકસાહિત્યને બદલે લોકવાઙમય શબ્દનો પ્રયોગ કરવા પર ભાર મૂકે છે.

કનુભાઈ જાનીએ દર્શાવેલા લોકવિદ્યાના આ વિભાગો ઉપરાંત અન્ય વિભાગોનો પણ વિચાર થયો છે. લોકવિદ્યાની વિવિધ શાખાઓના વર્ગીકરણ વિશે તજજ્ઞોમાં મતમતાંતરો પ્રવર્તે છે. લોકવિદ્યાની શાખાઓની પેટાવિભાગો વિશે પણ વિચાર થયા છે. તે મુદ્દો અહી આવશ્યક નથી.

કંઠોપકંઠની આ મૌખિક કલાને મુખ્ય બે વિભાગોમાં વિભાજિત કરી શકાય. (૧) શાબ્દી રચનાઓનો વિભાગ (૨) અશાબ્દિક ઉચ્ચારણોમાં વિભાગ

શાબ્દી રચનાઓના પણ બે પેટાવિભાગ પાડી શકાય છે. (૧) કહેવા માટેની રચના અને (૨) ગાવા માટેની રચના. પહેલામાં ટુચકો, કહેવતોથી લઈને કથાઓ આવે છે. બીજામાં જોડકણું, સમસ્યા,ઊખાણાં, ભડલીવાક્ય, ગરબો - ગરબી, ગીત જેવા લોકકાવ્યપ્રકાર આવે. અશાબ્દિક ઉચ્ચારણોના વિભાગમાં હર્ષ , શોક , આશ્ચર્ય આદિ પરંપરાગત ધ્વનિઓ અનેક પ્રકારના સંકેતાત્મક ધ્વનિઓ વગેરે આવે છે.

કનુભાઈ જાનીએ શાબ્દી લોકવિદ્યાના સાત વિભાગો દર્શાવ્યા છે. (૧) લોકકથા (૨) લોકનાટ્ય (૩) કહેવતો અને રૂઢિપ્રયોગો (૪)ટુચકા (૫) લોકવ્યુત્પત્તિ વગેરે પ્રકીર્ણ કથ્ય પ્રકારો. (૬) ગેયકથાત્મક સ્વરૂપો (૭) લોકગીત (૮) ઉખાણા, દુહા , સુભાષિતો વગેરે પ્રકીર્ણ ગેય રચનાઓ. (8)

આ પ્રત્યેક વિભાગના પણ પેટાવિભાગો મળે છે. જ્ઞાનની આ ધારા સદીઓ, સુધી ઉપેક્ષિત રહી. ત્યાર પછી પણ આ વિદ્યાક્ષેત્રમાં થયેલું કાર્ય સમાજનાં એક વર્ગ માટે તો સમય પસાર કરવાની શોખની એક પ્રવૃત્તિ માત્ર જ હતી. ૧૯ મી સદીમાં અધ્યયનના વિવિધ ક્ષેત્રોનો ક્ષિતિજ વિસ્તાર થતાં વિદ્વતોના ધ્યાનમાં લોકવિદ્યાની વિદ્યાશાખામાં રહેલ અભ્યાસક્ષમ મુદ્દાઓ આવ્યા અને લોકવિદ્યાનો મુખ્યત્વે માનવતાવાદી, નૃવંશવિજ્ઞાની , મનોવૈજ્ઞાનિક અને મનોવિશ્લેષણાત્મક દષ્ટિકોણથી અભ્યાસ શરૂ થયો. લોકવિદ્યામાં સંશોધન, અધ્યયન, સંપાદન અને પ્રકાશલક્ષી પ્રવૃત્તિઓ આરંભાઈ.

સાહિત્યના પ્રકાર :-

લોકવિદ્યાનો એક વિભાગ તે લોકસાહિત્ય. સમાજમાં લોકસાહિત્ય તેમજ અન્ય સાહિત્ય પણ પ્રવર્તમાન છે. તેથી સમાજમાં પ્રવર્તમાન સાહિત્યનો આપણે ત્રણ પ્રકારોમાં વિભાજિત કર્યું છે. (૧) અભિજાત સાહિત્ય (૨) લોકસાહિત્ય (૩) લોકપ્રિય સાહિત્ય.

નાગરિક પરંપરાનું કે ભદ્ર પરંપરાનું સાહિત્ય એટલે અભિજાત સાહિત્ય, લોકપરંપરાનું સાહિત્ય એટલે લોક સાહિત્ય અને લોકોની રસરુચિને સંતોષ આપતું સાહિત્ય એટલે લોકપ્રિય સાહિત્ય. સમાજનો વિશાળવર્ગ લોકપ્રિય સાહિત્યનો અનુરાગી છે. ત્રણેય પ્રકારના સાહિત્યમાં પાયાની ભિન્નતા રહેલી છે. અભિજીત સાહિત્યમાં શબ્દાર્થની

સહિતતા હોય છે. લોકસાહિત્યમાં લોકઊર્મિની અનાયાસ અભિવ્યક્તિ હોય છે. જ્યારે લોકપ્રિય સાહિત્યમાં શબ્દની ચમત્કૃતિ, બહુશ્રુતતાના ગુણો રહેલા છે. લોકસાહિત્યને નરેશ વેદ આદિસાહિત્ય પણ કહે છે (9) કે કારણ કે ઋગ્વેદ (ઇ.સ.પૂ ૧૨૦૦) ની ઉત્પત્તિ પૂર્વે તે લોકવાણી રૂપે પ્રવર્તમાન હતુ.

લોકસાહિત્યનું વર્ગીકરણ :-

અભિજાત સાહિત્યના સ્વરૂપોનું વર્ગીકરણ કરતાં તેના ગદ્ય અને પદ્ય એમ બે વિભાગો પડે છે. પણ લોકસાહિત્યમાં પદ્યના અંશોનું ગદ્યમાં મિશ્રણ થયેલું હોય છે. લોકસાહિત્ય મૌખિક કલા દ્વારા અભિવ્યક્તિ પામતુ હોવાથી મૌખિક પરંપરા પ્રમાણે તેના બે મુખ્ય વિભાગો પડે છે.

(૧) કથ્ય : જે સ્વરૂપો કહેણી દ્વારા વ્યક્ત થાય છે.
(૨) ગદ્ય : જે સ્વરૂપો ગાવાથી વ્યક્ત થાય. (10)

કથ્ય સ્વરૂપોમાં લોકકથા, લોકનાટ્ય, કહેવતો, ટુચકા , સમસ્યાઓ અને રૂઢિપ્રયોગો વગેરેનો સમાવેશ થાય છે. ગેય સ્વરૂપોમાં લોકગીત, કથાગીત ,દુહા , જોડકણાં , સુભાષિતો, ઉખાણાં વગેરે સમાવિષ્ટ છે. નરોત્તમ પલાણ નોંધે છે કે, "લોકસાહિત્ય એ પ્રાચીન સ્રોત છે. સમય જતાં એમાં સ્વરૂપ વિકાસ સધાયો છે. હાલને તબક્કે લોકોક્તિ, લોકગીત, લોકકથા, લોકગાથા અને લોકનાટ્ય જેવા સ્વરૂપો મળે છે. આ સ્વરૂપો પણ ઉત્તરોત્તર વિદગ્ધ બની રહેલાં જણાય છે. (11)" લોકસાહિત્યના કથ્ય અને ગદ્ય વિભાગો નીચે પ્રમાણે વિભાજિત કરી શકાય.

(૧) લોક કાવ્યસાહિત્ય (૨) લોકકથા સાહિત્ય (૩) લોકનાટ્ય સાહિત્ય (૪) લોકોક્તિ સાહિત્ય દરેકના પેટાસ્વરૂપો વિશે જોઈએ તો –

લોકકાવ્ય સાહિત્યના પેટા સ્વરૂપો છે : લોક મહાકાવ્યો, કથાગીતો, ગીતકથાઓ, પવાડાઓ, સલોકા અને મંત્રો, લોકગીતો, લગ્નગીતો, વ્રતગીતો , હાલરડાં, કૂચગીતો, શ્રમગીતો, બાળગીતો, રાજિયા, મરસિયા, ફટાણાં , ઋતુગીતો વગેરે

લોકકથા સાહિત્યના પેટાસ્વરૂપો છેઃ પુરાકથાઓ, દંતકથાઓ, નીતિકથાઓ, દૃષ્ટાંતકથાઓ, ધૂર્તકથાઓ, કામકથાઓ, અનુરાગકથાઓ, વિનોદ કથાઓ, ચાતુર્ય કથાઓ, પરીકથાઓ, બાળ કિશોર કથાઓ, કહેવત કથાઓ વગેરે.

લોકનાટ્ય સાહિત્યના પેટા સ્વરૂપો છે : ભાંડ, ભવાઈ, સ્વાંગ , જાત્રા, રાસ, યક્ષગાન, નૌટંકી, તમાશા વગેરે. એમાં મુખ્યત્વે લોક સમુદાયનું મનોરંજન કરતાં પ્રેમ અને પરાક્રમના વિષયવસ્તુઓ, ઢાલ – તલવારબાજી, ઢાલ – લાઠીબાજી જેવા નૃત્યો અને સામાજિક આચાર – વિચારમાં રહેલા અનિષ્ટો અને દુરિતોનો પર્દાફાશ કરતી રમૂજી સંવાદબાજી રજૂ થતા હોય છે.

લોકોક્તિ સાહિત્યનાં પેટાસ્વરૂપો છે : કહેવતો, ઉખાણાં, ઓઠા, ભડલી વાક્યો, ટુચકાઓ વગેરે

લોકસાહિત્યના મુખ્ય પ્રકારો અને સ્વરૂપો વિશેની આ એક આછી ઓળખ છે. આમાના કેટલાંક સ્વરૂપોનું મિશ્રણ કે રૂપાંતરણ થયું છે. કેટલાંક સ્વરૂપો લુપ્ત થયા છે, કેટલાક નવા અસ્તિત્વમાં આવ્યા છે અને હજુ આવતા જ રહેશે. કોઈ દેવી – દેવતાના વરદાનની લાલચ કે શાપની ભીતી દર્શાવતા આવતા સંદેશાઓ, જાહેર સ્થળો, જાહેર ઇમારતો, રેલ્વેના ડબ્બાની ભીત, રીક્ષા , ટ્રક વગેરેની પાછળ લખાતા લખાણો અને કાર્યાલયનું સાહિત્ય ( office lore ) રૂપે લોકસાહિત્ય સર્જાતુ રહે છે.

કથાગીત : સ્વરૂપ ચર્ચા :-

કથાગીત અભ્યાસનો વિષય હોવાથી તેની વિસ્તૃત ચર્ચા કરવાનો અહી આશય છે.

કથાગીત લોકકાવ્ય સાહિત્યનું પેટાસ્વરૂપ છે. કથાગીતોમાં કથા કે ઘટના કે પ્રસંગનુ નિરૂપણ હોય છે. અંગ્રેજીમાં કથાગીતો માટે 'Ballad' શબ્દ પ્રયોજાય છે. 'Ballad' શબ્દની વ્યુત્પત્તિ લેટિન શબ્દ 'Ballare' : to dance માંથી થઈ છે. ગોળ કુંડાળે નૃત્ય કરતી મંડળીની ગતિના તાલ સાથે એકતાલ બનીને ગવાતુ લોકગીત એટલે 'Ballad: યુરોપના વિવેચનકારોએ ભય સાથે ઝઝૂમતા વીરત્વની, યુધ્ધમાં પ્રગટતા પરાક્રમની, પ્રણયમાં બતાવાતી વફાદારી અને બેવફાઈની અને વીર નરો સામે રચાતા વિશ્વાસઘાતના સંઘર્ષોની વાતો બેલેડનાં લક્ષણોમાં ગણાવી છે.(12)

આ પ્રકારના કથાગીતો માટે ગુજરાતમાં 'રાસડો' કે 'રાહ્ડો' શબ્દ પ્રચલિત છે. 'રાસડો' શબ્દ 'રાસ' ઉપરથી

ઊતરી આવેલ છે. 'રાસ' શબ્દની વ્યુત્પત્તિ સંસ્કૃત 'રસ' એટલે વખાણવું, ગાજવું કે મોટેથી બૂમ પાડવી ઉપરથી બતાવાઈ છે; તેમજ સમૂહગાનના અર્થમાં પણ પ્રયોજાય છે. યુવક અને યુવતીઓ કે એકલા યુવકો અથવા માત્ર એકલી યુવતીઓ તાળીઓથી કે દાંડિયાથી તાલબધ્ધ રીતે જે નૃત્ય કરે તેને રાસ તરીકે કે.કા.શાસ્ત્રીએ ઓળખાવ્યો છે. રાસ એ સંઘનૃત્ય છે અને તેમાં નૃત્યનું પ્રાધાન્ય છે.

'રાસડો' રાસમાંથી ઊતરી આવ્યો છે તેમ છતાં તે બંનેમાં તાત્ત્વિક ભિન્નતા છે. રાસડામાં પ્રથમ મહત્વનું છે કથાવસ્તુ કે ઘટના કે પ્રસંગ. ત્યાર પછી સંગીત અને છેલ્લે નૃત્ય આવે અને નૃત્ય ગૌણ છે. હવે તો રાસડો નૃત્ય વિના પણ ગવાય છે. ભરથરી (નાથબાવા), તૂરી , મીર , ઢાઢી જે રાસડાઓ ગાય છે તેમાં નૃત્ય હોતુ જ નથી. તેમાં કથા, ઘટના કે પ્રસંગ જ મુખ્ય હોય છે ને ત્યાર પછી સંગીત આવે છે. જનસમુદાય આ રાસડાઓ સાંભળે છે તેથી તેમના માટે કથા કે ઘટના જ મહત્વની હોય છે. કથાને આધારે તેઓ ગીત યાદ રાખે છે. સ્ત્રીઓ દ્વારા લેવાતાં 'રાસડા' માં નૃત્યનું સ્થાન હોય છે કારણ કે તેઓ કુંડાળામાં તાલબધ્ધ નૃત્ય સાથે રાસડા લેતી હોય છે, પણ આજ રાસડા તેઓ બેસીને પણ ગાય છે. આ જોતા કહી શકીએ કે ગીતકથામાં નૃત્યનું સ્થાન ગૌણ બને છે અને ઘટના કે કથા મુખ્ય સ્થાને રહે છે.

મધ્યકાલીન સાહિત્યપ્રકાર તરીકે રાસા મળે છે. જૈનેતર કરતાં જૈન સાહિત્યમાં વિપુલ સંખ્યામાં મળતા રાસા તે આ રાસડા અને ઊર્મિગીતપ્રકાર 'રાસ' થી જુદા એ રીતે છે કે તેમાં ઉપદેશનું પ્રધાનપણે નિરૂપણ થયેલું જોઈ શકાય છે.

કથાગીત - ગીતકથા – રાસડો - 'Ballad'

કથાગીત લોક કાવ્ય સાહિત્યનું પેટા સ્વરૂપ હોવાથી અહી બે પ્રકારના લક્ષણો જોવા મળે છે. (૧) લોકકથા સાહિત્યના દરેક સ્વરૂપમાં સમાનરૂપમાં મળતા લક્ષણો જેને સામાન્ય લક્ષણો કહી શકાય. (૨) કથાગીત સ્વરૂપના અન્ય સ્વરૂપોથી ભિન્ન તરી આવતા વિશિષ્ટ લક્ષણો.

સામાન્ય લક્ષણો : –

(૧) રચયિતા અજ્ઞાત હોવો :-

લોકગીતની રચના કોણે અને ક્યારે કરી તેની કોઈ જ જાણકારી મળતી નથી. 'પાતળી પરમાર','વહુએ વગોવ્યા મોટાં ખોરડાં' વગેરેના રચનાકાર વિશે કોઈ જ માહિતી આપણને મળતી નથી. તેનું એક મુખ્ય કારણ આપણે એ આપી શકીએ કે આ એક વ્યક્તિનુ નહી પણ સમાજનુ સર્જન હોય છે. સમાજનુ સંવેદન તેની સાથે જોડાયેલુ હોય છે. સમયના પ્રવાહમાં એક જ રચનામાં ફેરફારો થતા રહે છે.

(૨) મૌખિક પરંપરા :-

વૈદિકકાળથી લોકસાહિત્ય અસ્તિત્વ ધરાવે છે. મુદ્રણકલા ન હતી ત્યારથી ચાલ્યુ આવતુ આ સાહિત્ય મૌખિક પરંપરાથી પેઢી દર પેઢી સચવાયેલું રહ્યું. મુખપાઠીની આ પરંપરાને કારણે 'લોક' દ્વારા તેની મૂળ કૃતિનું માળખું તો જળવાયુ પણ અંદરની વિગતોમાં ફેરફારો થતા રહ્યા, શબ્દ અને ઢાળ પણ ફેરવાયા, લોક દ્વારા થયેલા આ સુધારા વધારાને કારણે તેના અનેકાધિક રૂપાંતરો મળે છે.

(૩) રચયિતાના વ્યક્તિત્વના પ્રભાવનો લોપ :-

એક જ ગીતમાં સ્થળ કાળના સંદર્ભમાં અસંખ્ય સુધારાવધારા થતા રહેવાથી તેના મૂળ રચયિતાની શૈલી અને વ્યક્તિત્વની છાપ ભૂંસાઈ જાય છે. ગીતનું મૂળ વિષયવસ્તુ કે ઘટના બદલાતી નથી. તેથી રચયિતા, ગાનાર અને ઝીલનારના મનના આવેગો, લાગણીઓ ગીતમાં પ્રતિબિંબિત થતા નથી.

(૪) વિપુલ પાઠાન્તરો :-

લોકકાવ્યનું આ આગવું લક્ષણ છે. રચયિતા વ્યક્તિ કે સંઘ દ્વારા તે રચાય છે. લોકસમૂહ દ્વારા તે રચાય અને ઝીલાય છે. ત્યાંથી વ્યક્તિ કે સંઘની બાદબાકી થઈ જાય છે. પછી તો ગીત એક સમાજ કે જૂથનું બની જાય છે. બધાનો તેના પર સરખો અધિકાર બની રહે છે. જે તે સમૂહ પોતપોતાની રીતે નવી કડીઓ કે શબ્દોના ઝૂમખા કે શબ્દો ઉમેરે છે અથવા તો કાઢી પણ નાખે છે. આથી ક્યારેક મૂળકથા કરતાં જૂદુ પડતું ગીત પણ અસ્તિત્વમાં આવે છે. પ્રદેશભેદે એક જ ગીતમાં જે તે પ્રદેશની ભાતીગળ છાપ પણ ઉપસતી જોવા મળે છે.લોકગીતનો કોઈ નિશ્ચિત પાઠ હોતો જ નથી તેથી કોઈ એક પાઠને તેની મૂળકૃતિની નજીકના પાઠ તરીકે ઓળખાવી શકાતો નથી.

(૫) પ્રાદેશિકતાની અસરઃ-

પ્રદેશભેદે ભિન્ન તરી આવતી લોક સમુદાયની સંસ્કૃતિ, સભ્યતાની અસર ગીત પર પડતી હોય છે. તેથી એક જ કથાઘટક ધરાવતા ગીતની ભાષા, ઢાળ, લય બદલાતા ગીતમાં પ્રાદેશિકતાનો રંગ પૂરાય છે. લોકગીતમાં આવતા રાજા, મહારાજાઓ, ઇશ્વર, મહામાનવોના વર્ણનચિત્રો સામાન્ય જન જેવા બનાવીને રજૂ થયેલા જોવા મળે છે. સિધ્ધરાજ જયસિંહ, રામ, કૃષ્ણ જેવા પાત્રોને લઈને મળતા લોકગીતોમાં મૂળકથાને બાજુ પર મૂકીને નવી જ કથાનું સર્જન થયેલું પણ મળે છે.

(૬) શબ્દને સંગીતનું સાયુજ્ય : –

લોકોર્મિગીતોમાં શબ્દ – નૃત્ય – સંગીત સાયુજ્ય હોય છે. પણ કથાગીતમાં શબ્દને સંગીત જ મુખ્ય હોય છે. બધા જ રાસડા – Ballad સ્ત્રીઓ દ્વારા ગવાતા નથી. અને સ્ત્રીઓ ક્યારેક બેઠા બેઠા પણ રાસડા ગાય છે. કથાગીતો તૂરી, મીર ઢાઢી, ભરથરીઓ વગેરે દ્વારા ગવાતા હોય છે. ત્યાં નૃત્ય કે અભિનય હોતો જ નથી. કથાગીતમાં શબ્દને સંગીતનું તત્વ તો હોય છે પણ ગાનારને મન શબ્દ જ મુખ્ય હોવાથી રાસડાના સંગીતની ઊંડી છાપ પડતી નથી.

(૭) પુનરુક્તિઓ : –

લોકોર્મિગીત કે રાસડામાં અનેક પ્રકારની પુનરુક્તિઓ જોવા મળે છે. આ પુનરુક્તિઓને કારણે જ ગીતની વેધક અસર પડતી હોય છે. આ પુનરુક્તિઓ અક્ષરની, શબ્દની, પંક્તિની કે કડીની જોવા મળે છે.

(૮) સાદી, સીદી, સરળ ભાષા :-

લોકગીત ગાનાર વર્ગ સીધો, સાદો વર્ગ હોય છે, તેથી તેમના દ્વારા ગવાતા લોકગીતોમાં પણ સાદગીનું તત્વ જોવા મળે છે. તેમના ગીતોમાં જોવા મળતા અલંકારો અનાયાસ જ ગૂંથાઈ જતા હોય છે. લોકગીતને કોઈ બંધારણ કે શાસ્ત્ર હોતુ જ નથી. અહી તો સીધે સીધી વાત જ કહેવાતી હોય છે જેમ કે,

“સેતર સેડતા સેડુત, હો રાવજી !
દેખાડો જસમાં બઈના ઓરડા, જસમા ઓડણી રે.
મું એ નાં જોણું બારોટ હો રાવજી !
હાજેરો જઈ ઘર પુસ, જસમા ઓડણી રે.

સાદી, સરળ, સીધી ભાષા એ જે તે પ્રદેશના લોક દ્વારા બોલાતુ હોય તેમાં જ કથાગીત - ગીતકથા- રાસડો રજૂ થતાં જોઈ શકાય છે.

## કથાગીત – Ballad નાં વિશિષ્ટ લક્ષણો : –

કથાગીત લોકકાવ્યોનો પેટાપ્રકાર હોવાથી તેના સર્વસામાન્ય લક્ષણો જોવા મળે છે. તેને વિશે તો અહી ચર્ચા થઈ. આ ઉપરાંત કથાગીતના અન્ય પ્રકારોથી ભિન્ન એવા વિશિષ્ટ લક્ષણો જોવા મળે છે તે વિશે અહી ચર્ચા કરવાનો પ્રયાસ છે.

૧) બેલેડ કે કથાગીતમાં કથા કે ઘટના પ્રસંગની રજૂઆત હોય છે.

જે ગીતામાં કથાનો અંશ આવતો હોય તેને કથાગીત કહેવામાં આવે છે. કથાગીતમાં આવતી ઘટના કે કથા લાંબી પણ હોય અને ટૂંકી પણ હોય છે. આ રીતે જોતાં Ballad બે પ્રકારના હોય છે.

(૧) ગીતકથા : સંક્ષિપ્ત પ્રસંગવાળુ ગીતસ્વરૂપ જેને ઊર્મિગીત સાથે સરખાવી શકાય.
(૨) કથાગીત : કથાને પ્રાધાન્ય અપાયુ હોય તેવી એક જ ઢાળવાળી સળંગ રચના, જે ગીતકથા કરતાં પ્રમાણમાં માટી હોય.

આ ઉપરાંત કથાતત્વ હોય તેવો ત્રીજો પ્રકાર પણ મળે છે જેને ‘લોકોખ્યાન’ તરીકે ઓળખવામાં આવે છે. કથાગીત - ગીતકથા કરતાં પ્રમાણમાં લાંબી રચના જેમાં કથા કહેવાતી હોય એટલે કે ગવાતી હોય. લોકાખ્યાનમાં સર્ગ પણ જોવા મળે છે.

કથાગીત - ગીતકથાના કેન્દ્રમાં એક તણખા જેવી ઘટના હોય છે. સમગ્ર ગીતમાં આ ઘટના પાત્ર, પ્રસંગ, સંવાદ, વર્ણન દ્વારા ઉપસતી હોય છે. દાખલા તરીકે ‘પાતળી પરમાર’ બાર વર્ષે ઘરે આવેલો પુરુષ પોતાની પત્ની વિશે માને પૂછે છે. મા – દિકરાના સંવાદમાં સાસુએ પુત્રવધુને મારી નાખી છે તે ગર્ભિત રીતે સૂચિત થતુ જ રહે છે. દિકરાની ગેરહાજરીમાં વહુને મારી નાખવામાં આવી છે એ કેન્દ્રસ્થ ઘટના છે. સમાજનો દરેક વર્ગ સમજી શકે એ જ રીતે રજૂઆત થતી હોય છે તેથી જ અભિજાત કાવ્યથી તે ભિન્ન તરી આવે છે.

ગીત કથામાં ગીતની સાથે કથાનો અંશ સંમિલિત હોય છે. જ્યારે કથાગીતો મોટેભાગે પૌરાણિક, ઐતહાસિક, સામાજિક, દંતકથાત્મક તેમજ કેટલાક કિસ્સાઓમાં કલ્પનાત્મક પ્રસંગ કે ઘટનાનું નિરૂપણ હોય છે.

પૌરાણિક તેમજ ઐતહાસિક રાસડા - Ballad માં મૂળ ઘટનાઓ ફેરફાર કરીને પણ નિરૂપવામાં આવે છે, જેમ કે.

‘સોના જેડીલો રૂપા દડલો રે, રોંમ રમી ઘેર આયા.
માતા અમારી માવડી રે, અમને પાણીડાં પોંવ ન
‘અમણા તે હાથ નથી નવરા રે, હાથે તે પીવો.
અમણા તે હાથ નથી નથી નવરા રે, સાંમી લાંગેથી પીવો.’

મૂળકથામાં ધોબીના આળને કારણે રામ સીતાનો ત્યાગ કરે છે જ્યારે અહી રામ ગેડીદડો રમીને થાકીને ઘરે આવે છે. રામ અહી રાજકુમાર નહી પણ સામાન્ય ઘરનો યુવાન છે. ઘરે આવેલો રામ માતા પાસે પાણી માંગે છે. પણ ઠામ તો ખાલી છે સાસુ - વહુ વચ્ચે કંઈક અઘટિત બન્યું છે તે સૂચિત છે, ને રામ સીતાનો ત્યાગ કરે છે લક્ષ્મણ વનમાં મૂકવા જાય છે. વનમાં જતાં અપશુકનો થાય છે. સીતાને મૂકીને લક્ષ્મણ પાછો ફરે છે. સીતા લક્ષ્મણને ‘માડી જાયો બંધવ’ કહીને રોકવાનો પ્રયાસ પણ કરે છે. અને તરત જ ધરતી પાસે માર્ગ માંગી સમાઈ જાય છે. મૂળકથા સાથે સરખાવતા બે જ ઘટનાઓ – રામ દ્વારા સીતાનો ત્યાગ અને સીતાનું ધરતીમાં સમાઈ જવું – બંનેમાં સમાન જોવા મળે છે. બાકી બધું જ બદલાઈ જાય છે. આવા તો અસંખ્ય ઉદાહરણો મળે છે. તત્કાલીન સમાજજીવનને સ્પર્શતા તત્વો પણ તેમાં આવી જાય છે. આજ પ્રમાણે ઐતિહાસિક ઘટનાઓવાળા Ballads રાસડાઓમાં પણ મળે છે.

સરીચોદ ગોંમના રેવાસી મીરખાનજી,
સરીચોદ ગોંમના રેવાસી રે લોલ.

................................
પાટણના સિધ્ધરાજ લૂંટ્યા મિરખોંનજી !
પાટણના સિધ્ધરાજ લૂંટ્યા રે લોલ !

૨૦ મી સદીના પૂર્વાર્ધ પછી થઈ ગયેલા મીરખાનને સિધ્ધરાજને લૂંટતો અહી બતાવાયો છે! આ પ્રકારનું કાળવ્યુક્રમ ઐતહાસિક પ્રસંગોવાળી ગીતકથાઓમાં હોય તે સ્વાભાવિક છે. સમયના ફલક સાથે બનેલી ઘટનાઓ સાથે તટસ્થતા જાળવવાનો અભિગમ અહી હોતો જ નથી. રચયિતાનું ચિત્ત જેનાથી પ્રભાવિત થયું હોય તેની શૂરવીરતાને બિરદાવવા ઈતિહાસના પ્રભાવશાળી વ્યક્તિત્વ સાથેના પ્રસંગની કલ્પના કરી કાળવ્યુક્રમ રચાતો હોય છે.

૨) કથાગીત - ગીતકથાની એકાએક શરૂઆત :-

કોઈ જ પૂર્વભૂમિકા વિના સીધેસીધી મૂળવાતથી જ કથાગીતનો આરંભ થઈ જાય છે. મૂળકથા સહજ રીતે યાદ રહી જાય, ગાનાર કે ઝીલનારને બધી કડીઓ યાદ રહી જાય અને આખુ ગીત સાહજિકતાથી ગવાય તેમજ ઝીલાય. આ કારણોને લીધે જ Ballads માં કથાનો આરંભ સીધે સીધી ઘટનાથી થાય છે.

સામાજિક તેમજ ઐતહાસિક Ballads ને ઉદાહરણ તરીકે જોઈશું

‘માતા નવલા પરુણલા ચ્યાંના રે, રંગ લોભાણી.
દિકરી તમારં સ ઓણાં રે , રંગ લોભાણી.
માતા આટલા ઓણાં પાછા વોંણ્યા રે, રંગ લોભાણી.
મી’તો વગડાનાં છાણાં વોંણ્યાં રે, રંગ લોભાણી

આજ રીતે ઐતહાસિક વસ્તુવાળી ગીતકથાનો આરંભ જોઈએ તો

બાર બાર વરહે માધુવાય’ ગળાવી,
તોય ના નીસર્યા નીર, મારા વા’લા !
તેડાયા જોશી ને જોશ જોવરાયા,
જોશીડા જોશ તમે જુઓ, મારા વા’લા !
જોશીએ જોશ જોઈ એવું રે કીધું,
દીચરો ને વૌ પધરાવો, મારા વા’લા !

આમ મોટાભાગના Ballads માં કોઈ જ પૂર્વભૂમિકા બાંધ્યા વિના એકાએક વસ્તુઆરંભ થતો હોય છે.

૩) કથાવેગ :- Ballads માં કથા ધસમસતા પૂરની જેમ આગળ ધપે છે. વચમાં આડવાત કે પ્રસંગની રજૂઆતને કોઈ જ અવકાશ હોતો નથી. એક દશ્ય પછી તરત જ બીજુ દશ્ય આવે છે. લોકકંઠને યાદ રહી જાય તેવી તેની કથનશૈલી હોય છે. બિનજરૂરી વિસ્તારનો અહી સદંતર લોપ જોવા મળે છે. Ballads માં મૂળવાતને જ સ્પર્શવામાં આવે છે.

ગામમાં પિયરિયું ને, ગામમાં સાસરું રે લોલ
દિકરી કે જો સુખદુઃખની વાત જો કવળા સાસરિયામાં જીવવું રે લોલ
સુખના દા’ડા તો માડી વહી ગયા રે લોલ
દુઃખના ઉગ્યા છે ઝીણા ઝાડ જો કવળા સાસરિયામાં જીવવું રે લોલ.
પછવાડ ઊભી નણદી સાંભળે રે.

ભાભી કરે છે આપણાં ઘરની વાત જો કવળાં...
નણદીએ જઈ સાસુને સંભળાવ્યું સે લોલ......

મા – દિકરી કૂવા કાંઠે ભેગા થઈ જાય છે અને તેમની વચ્ચે થયેલો સંવાદ કઈ રીતે ઘરના સભ્યો સુધી વારાફરતી પહોંચે છે. તીવ્ર ગતિએ આ કથાગીતમાં રજૂ થયું છે. અને કરુણ અંત સાથે ગીત પૂરુ થાય છે. કથાગીત મૂળઘટનાને જ ચુસ્તપણે વળગી રહે છે અહી આડવાતને અવકાશ જ હોતો નથી.

૪) કથાગીતમાં લાઘવનું તત્ત્વ : - કથાગીત - ગીતકથામાં ઓછા શબ્દોમાં ઘણું બધું કહેવાતુ હોય છે. લોક માટે Ballads નો જે વિષય તરીકે આવે છે તે ઘટનાઓ તેમને માટે અત્યંત સાહજિક હોવાથી વિગતપૂર્ણ નિરૂપણ બિનજરૂરી બને છે. એક પ્રસંગ પછી તરત જ બીજો પ્રસંગ આવી જાય છે. કેટલીક વખત એક પ્રસંગ પછી આવતા બીજા પ્રસંગ વચ્ચે મેળ ન પણ બેસે. લોકચિત્તમાં કેટલીક ઘટનાઓ ચિરસ્થાયી છાપ પાડી ચૂકી હોય છે. જ્યારે એ ઘટના ગીત સ્વરૂપે ગવાય છે ત્યારે લોક સમક્ષ ઘટના કરતા તે વિશે તેમના જે ભાવો છે એ જ એમને મન ગાવા જેવી વસ્તુ લાગે છે. તેથી જ કેટલીક વાતો તેઓ છોડી દે છે જે જુદા જુદા સમયના ફલક પર ભિન્ન – ભિન્ન બનેલી ઘટનાઓ એક સાથે રજૂ થઈ જતી પણ જોવા મળે છે.

૫) સંવાદાત્મકતા :- કથાગીત - ગીતકથા – Ballad માં સંવાદનું તત્વ જોવા મળે છે. કથાના વાહક સંવાદ બનતા હોય છે. પૌરાણિક - ઐતહાસિક - સામાજિક કે પછી અન્ય અપવાદરૂપે મળતા વિષયો પર આધારિત કથાગીત તેમજ ગીતકથામાં મળતા સંવાદો, સીધા, સાદા, સરળને સાહજિક હોય છે. લોકવ્યવહારની ભાષામાં હોય છે. સાસરેથી તેડવા આવેલા દિયર સાથે જવા ન માંગતી યુવતીનો તેની સહેલી તેમજ ઘરના સભ્યો સાથેનો સંવાદ જોઈએ તો -

સહિયર ! મારા દાદાને સંભળાવ,
દિયરીઆ સંગાથે સાસરે નંઈ જાઉં રે,
ઘેલાં રે દીકરી ! ઘેલડીઆ શા બોલ,
પરદેશી આણાં પાછા નંઈ વળે રે.

દાદા પછી માતાને, વીરાને પણ યુવતી પોતે આણે આવેલ દિયર સાથે સાસરે જવા નથી માંગતી તેમ સહેલી દ્વારા કહેવડાવે છે, ને અહી સંવાદ કથાગીતનો વાહક બને છે. પૌરાણિક તેમજ ઐતહાસિક ગીતકથાઓમાં પણ સંવાદનુ તત્ત્વ જોવા મળે છે.

૬) નાટ્યાત્મકતા : -

કેટલીક ગીતકથાઓ નાટ્યાત્મક વળાંક લેતી હોય છે. આવો અણધાર્યો વળાંક કથાને આગળ ધપાવવામાં મહત્વની ભૂમિકા ભજવતો હોય છે. સામાજિક વાસ્તવનું કરૂણતાનું ચિત્ર આવા નાટ્યાત્મક વળાંકને કારણ ચોટદાર અને વેધક બને છે.

સોના વાટકડે અમલ ઘોળિયાં રે લોલ,
પી જાઓ ગોરાંદે નકર હું પી જાઉં જો,
    વહુએ વગોવ્યા મોટાં ખોરડાં રે લોલ.
ઘટક દઈને ગોરાંદે પી ગયાં રે લોલ,
ઘરચોળાની તાણી એણે સોડ જો,
    વહુએ વગોવ્યા મોટાં ખોરડાં રે લોલ

૭) ધ્રુવપંક્તિ એક જ હોવી : -

કેટલીક ગીતકથાઓમાં એક જ ધ્રુવપંકિત હોય છે. આ ધ્રુવપંક્તિ ગીતકથાનાં હાર્દ સમાન હોય છે. વારંવાર પુનરાવર્તિત થતી આ ધ્રુવપંક્તિ દ્વારા ગીતકથાનો કેન્દ્રવર્તી વિચાર વધુ ને વધુ ઘુંટાઈને વિકાસ પામે છે.

મારા વા'લા, શેલઈમાં કાંકરી કૂણે નાસી ?
મારા વા'લા પેણ્યો ઈને પરદેશ;
    મારા વા'લા, શેલઈમાં કાંકરી કૂણે નાસી ?
મારા વા'લા પેલો કાગળિયો સેઘો લસિયો,
મારા વા'લા, બેની પરણે ઘરે આય.
    મારા વા'લા શેલઈમાં કાંકરી કૂણે નાસી ?

બેલેડમાં ધ્રુવપંક્તિ કથાઘટકને વિકસાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

૮) મુખ્ય ઘટનાને કેન્દ્રસ્થાને એક જ પાત્ર હોવું ! તે સિવાયના સંબંધીઓના સંબંધસૂચક શબ્દો :-

મોટા ભાગના બેલેડમાં મુખ્ય ઘટનાના કેન્દ્રસ્થાને એક જ પાત્ર હોય છે. એ પાત્રનું કોઈ એક પ્રસંગના સંબંધમાં, તીવ્ર સંવેદન તે બેલેડમાં કેન્દ્રસ્થાને હોય છે. બેલેડમાં બીજા પાત્રો પણ આવે છે જે મુખ્યપાત્રના ભાવવિકાસમાં મદદ કરનારા અને ગૌણ હોય છે. 'જસમા ઓડણી' ના બેલેડમાં સિધ્ધરાજ જયસિંહનો ભાણેજ જસમાના ઘરની પૂછપરછ કરે છે તે જોઈએ તો -

સેતર સેડતા સેડુત, હો રાવજી !
દેખાડો જસમાં બાઈના ઓરડા, જસમા ઓડણી રે,
મું એ નાં જાણું બારોટ હો રાવજી !
હાજેરા જઈ ઘર પુસ, જસમા ઓડણી રે,
ગાયો ચારતા ગોવાળ, હો રાવજી ! .....

જસમાના ખોરડા વિશેની શોધમાં ભાણેજ એક પછી એક વ્યક્તિને પ્રશ્ન પૂછતો રહે છે અને તેને આવા ઉડાવ જવાબ મળતા રહે છે. અંતમાં તે જસમાનું ઘર શોધી કાઢે છે, પણ અહી બેલેડમાં મુખ્ય પાત્ર તરીકે ભાણેજ હાજર રહે છે. ઘટના પ્રધાન બેલેડમાં મુખ્ય પાત્ર આદિથી અંત સુધી કેન્દ્રસ્થાને રહે છે. એક થી વધારે ઘટનાઓવાળા મળતા બેલેડમાં પણ તેમાં જે મુખ્ય ઘટના હોય છે તેના કેન્દ્રસ્થાને એક જ પાત્ર હોય છે.

૯) પ્રસંગ કે પ્રસંગોની ઘટનાક્રમે જ રજૂઆત : -

સમાજજીવનમાં બનેલી કોઈ વિલક્ષણ ઘટનાને આધારે જ બેલેડ રચાયેલા હોય છે. આ ઘટના સમાજજીવનમાં જે ક્રમે બની હોય છે તે જ ક્રમે બેલેડમાં ગોઠવાઈ જાય છે ને ગવાય છે.

બેલેડમાં પણ કથા કે કથનના કેન્દ્રમાં એક તણખા જેવી ઘટના હોય છે. દાખલા તરીકે – 'વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં'– એક સામાન્ય વગોવણીના કારણે વહુનું બલિદાન લેવાય છે. કૂવાની પાળે મા – દિકરી ભેગા થઈ જાય છે ને દિકરીથી સાસરીમાં પડતા દુ:ખનો અણસાર માને કરી દેવાય છે. પાછળ સંતાઈને ઊભેલી નણંદ સાંભળી જાય છે. નણંદ સાસુને, સાસુ સસરાને, સસરા જેઠને અને જેઠ પરણ્યાને વહુએ મોટા ખોરડાની કરેલ વગોવણીની વાત જે ક્રમમાં બની છે તે જ રીતે ગોઠવાઈને ગવાય છે ઐતહાસિક તેમજ પૌરાણિક વિષયના બેલેડમાં પણ બનતી ઘટનાઓનો ક્રમ યથાવત જ જળવાય છે ને તે જ રીતે ગોઠવાઈને ગવાય છે. લોકકંઠે ગવાતા અને ઝીલાતા આ બેલેડમાં કથા અને કથનનું જ મહત્વ હોય છે. પૌરાણિક બેલેડમાં મૂળ ઘટના કે પ્રસંગ સાથે લોકકલ્પનાનું તત્ત્વ પણ ઉમેરાતુ જોવા મળે છે. આ કલ્પનાતત્ત્વ પણ મૂળકથા સાથે કથાનો જ એક ભાગ હોય તે રીતે ભળી જતો જોવા મળે છે.

૧૦) પાત્રો ગતિશીલ નહિ પણ સ્થિત (Static ) હોય છે : –

લોકચિત્તમાં વહુ, સાસુ – સસરા, મા – બાપ, બહેન, ભાઈ, નણંદ ,પરણ્યો તેમના ગુણો અવગુણ યુક્ત સ્વભાવ વિશે ચોક્કસ ખ્યાલો હોય છે, અને એ જ પ્રમાણે આ પાત્રો બેલેડમાં ઉઠાવ પામતા હોય છે. વહુના મા – બાપ – ભાઈના પક્ષે નમતુ જ જોખવાનું આવતુ હોય .. વહુના સાસુ – સસરા – નણંદ જબરા જ હોય. વહુ સાથે તેમના ચોક્કસ પ્રકારના વર્તન હોય પરણ્યો વહુને ચાહતો હોવા છતાં તેનો પક્ષ લઈ ન શકે, પત્ની માટે પરિવાર સામે વિદ્રોહ ન કરી શકે પરિણામે સહન કરવાનું વહુને જ આવે. આવી સમાન લાક્ષણિકતા ધરાવતા પાત્રો દરેક બેલેડ માં જોવા મળે. ઘટના કે પ્રસંગને અનુરૂપ પાત્રના વ્યક્તિત્વનો થતો વિકાસ અહીં હોતો જ નથી. આ દ્દષ્ટિએ પાત્રાલેખન સ્થિત હોય છે, ગતિશીલ નહિ.

૧૧) મોટાભાગે ઉપદેશ વિના એકાએક અંત :-

બેલેડ મોટા ભાગે ઉપદેશ માટે રચાતા જોવા મળતા નથી છતાં કયારેક કયારેક બોધ સૂચવાઈ જાય છે. બેલેડનો અંત એકાએક જ આવી જાય છે. અપવાદરૂપે કેટલાક બેલેડના અંતમાં ઉપદેશ જોવા મળે છે. પૌરાણિક કથાવસ્તુવાળુ 'સોના જડી રૂપા દડો રે, રોમ રમવા રે જયાતા' બેલેડમાં આડકતરી રીતે બોધ સૂચવાયો છે. અહી સીતા ધરતીમાં સમાઈ જાય છે તે ઘટના છે. ધરતીમાં ઉતરી રહેલા સીતાજી કહે છે -

'ચોટલો ઊખડયો ન ડાભ હસ્યો, સીતા ભોંયરામાં સમાણાં
દાતેડા હરી ડાભડો નાં વાઢશો, સીતાનાં શરીબ સોલાશી.'

ધરતીમાં ઊતરી રહેલા સીતાનો ચોટલો બહાર રહી જાય છે ને તેનો દાભ થાય છે. દાભડો આથી પવિત્ર ગણાય છે. દાતરડાથી દાભ વઢાય તો ધરતીની અંદર રહેલ સીતાને પીડા થાય માટે જ દાતરડાથી દાભડો વાઢવાનો સામાજિક નિષેધ છે.

કેટલાક સામાજિક બેલેડમાં પણ આડકતરો બોધ સૂચવાઈ જાય છે. ગામના મોભાદાર કુટુંબની વહુ નજીવા કારણ કર રિસાઈને વિગર ચાલી જાય ઘરની દરેક વ્યક્તિ તેને મનાવવા જાય અને છતાં ન આવે તો અંતિમ ઉપાય તરીકે પતિ જ કરે છે તેનો સિવાય બીજો કોઈ જ વિકલ્પ તેની પાસે રહેતો જ નથી. 'રીસામણાં માં જિદ્દી પત્નીની શાન કઈ રીતે ઠેકાણે લવાય છે તે સૂચિત થયું છે.

ચોથું મનામણ જાય રે, સ્વામીજી આવ્યા તેડવા; મોરા રાજ !
ચાલો મોંટાની વહુ દોર; મોટોનાં ઘર આપણાં; મોરા રાજ !
દીધી છે સોટીઓ દશ વીશ; આગળ થઈ વઉ ચાલિયાં; મોરા રાજ !

પુત્રવધુ પરના અત્યાચારો એ ઘણાં સામાજિક બેલેડનાં વિષય બન્યાં છે પણ પુત્રવધુની અતિશય જિદ્દને કારણે નાછૂટકે

પતિએ પત્નીને મારવી પડે છે. આડકતરો બોધ બેલેડના અંતમાં આ રીતે સૂચવાતો હોય છે. સામાજિક કથાવસ્તુવાળા બેલેડ -

‘ભાઈ – બહેનની લીમડી’ નો અંત જોઈએ તો -

‘ એક જ ચેહમાં બેય દે’ન રે પામ્યાં,
ભાઈબેન ભેળાં બળી મૂવાં રે રામ.”

બાળપણમાં જ માતા – પિતાને ગુમાવી ચૂકેલા ભાઈ – બહેન અનેક કષ્ટો વેઠી મોટા થયા. બહેનને પરણાવી ભાઈ પરદેશ ચાલ્યો ગયો. બહેનના મહેંણા ભાંગવા વર્ષો પછી ભાઈ બહેનની સાસરીમાં પહોંચે તે પહેલા જ નાગ કરડતાં બહેનનું મૃત્યુ થઈ ગયું હોય છે. બહેનની સળગતી ચિતામાં ભાઈ પોતાની સાથે લાવેલ મામેરાની સામગ્રી હોમી દઈ પોતે પણ કૂદી પડે છે અહી બેલેડ પૂરુ થાય છે.

આમ બેલેડનો અંત એકાએક આવે છે. મોટા ભાગના બેલેડનો અંત કરૂણ જોવા મળે છે.

સંદર્ભ : –


1. “The term was suggested by William John Thomas in 1846 …… to designate the study of traditions, customs and superstitions current among the common people in civilized countries” – Chambers Encyclopedia (London ), First Edition, Vol V P. 762
2. Darson, Richard M, “Folklore on Folklife; The Uni of Chicago press, 1973, P. 2
3. Encyclopedia Britanica , ‘Vol – IV, 1768, P. 516
4. “The study of Folklore ‘Ed.Alan Dundes. Prentice Hall Inc, London etc; 1965, P.34 – 42, ‘Folklore and the student of literature’ એ લેખ. ‘Folklore is the material that is handed by tradition either by word of mouth or by custom and practice:
5. ‘ઋગ્વેદ’, ૧૦ મું મંડલ, ૯૦ મું સૂક્ત, ૧૪ મો શ્લોક
6. ભગવદ્ગોમંડલ, ભાગ - ૮ , દ્વિતિય પુર્નમુદ્રણ ૨૦૦૭, પૃ – ૭૮૨૭
7. જાની કનુભાઈ, “લોકવાણમય” પ્રથમ આવૃતિ, સૌરાષ્ટ્ર યુ.નિ, રાજકોટ પૃ – ૨ – ૩
8. એજન, પૃ – ૪.
9. વેદ નરેશ, ‘લોકવિદ્યા અને લોકસાહિત્ય (તત્કાલે અને આજે)’, પ્રથમ આવૃતિ, ૨૦૧૦, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પૃ – ૧૦.
10. પટેલ, અમૃત, ‘ચંપાની કળીઓમાં કસ્તુરી ( લોકગીત સ્વરૂપ અને પ્રકાર)’, પ્રથમ આવૃતિ ૧૯૯૨, અમૃત પટેલ, મહેસાણા, પૃ – ૪૪
11. પલાણ, નરોત્તમ અને તેરૈયા, પ્રભાશંકર, ‘લોકસાહિત્ય (ગુજરાતી લોકગીતો)’ પ્રથમ આવૃતિ ૧૯૮૧, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પૃ – ૨
12. તંત્રી, પરમાર, જયમલ્લ, ‘ઊર્મિ નવરચના, વર્ષ ૫૦, સપ્ટેમ્બર ૧૯૮૦, અંક - ૬, બાઈન્ડીગ અંક ૧ થી ૨૨, સળંગ અંક ૫૯૪, પૃ – ૩૨૨ – ૩૨૭, સેન્ટ્રલ લાયબ્રેરી, વડોદરા

# પ્રકરણ : ૨

## સામાજિક કથાગીતો , ઐતિહાસિક કથાગીતો, પૌરાણિક કથાગીતો

સમાજના દરેક પાસાને સ્પર્શતા વિષયો કથાગીતોમાં મળે છે. સામાજિક, ઐતિહાસિક, પૌરાણિક, દંતકથનાત્મક, કલ્પનાત્મક, અંધશ્રધ્ધાવાળા, પ્રણયવિષયક વગેરે વિષયોમાં કથાગીતોને વર્ગીકૃત કરીને તેનો અભ્યાસ પણ કરવામાં આવ્યો છે. જો કે આ બધામાં અંતે તો સમાજનું જ ચિત્ર મળતું જોવા મળે છે. અહી સામાજિક, ઐતિહાસિક અને પૌરાણિક આ ત્રણ વિષયોને ધ્યાનમાં રાખીને કથાગીતોનો અભ્યાસ કરી તેનો કોશ તૈયાર કરવાનો પ્રયાસ કર્યો છે.

રીસર્ચ પ્રોજેક્ટ અંતર્ગત મે તૈયાર કરેલ કથાગીતકોશમાંથી ઉદાહરણરૂપે કેટલાક કથાગીતો અહી લીધા છે.

## સામાજિક કથાગીતો

बाह्य विगत : –

शीर्षक : रेंटुडो गाजे

आरंभनी पंक्तिओ :-

सासु वणे ने वउ कांते रे,
मारो रेंटुडो गाजे.
वउं रे वउ ! मने सुतर देखाडो;
सुतरनी वणावी साडी रे;
मारो रेंटुडो गाजे.

अंतनी पंक्तिओ :-

बाइजीने छेडे ठीकरी रे;
रोशे एनी दीकरी रे;
मारो रेंटुडो गाजे
बाइजीने जोशे सुतर रे,
रोशे एनो पुतर रे;
मारो रेंटुडो गाजे

कुल पंक्ति संख्या : – **१०**

सारांश : – सासु अने वहु ऐक साथे सुतर कांते छे. ऐ सुतरनी साडी तैयार करे छे. सासु वहु पासे अे साडी जोवा मांगे छे. पण वहु अे साडीने फाडी नाखी तेना टुकडा करी तेने बाणीने तेनी तैयार थयेल राखने उकरडे नाखी दीधी तेम सासुने जणावे छे. सासु ते उकरडो जोवानी इच्छा दर्शावता वहु उकरडामां तैयार थयेल खातरने पोतानी दरिया पासेनी वाडीमां नाखी दीधुं तेम वहु कहे छे. तो सासु दरियो जोवानी इच्छा व्यक्त करतां वहु सासुने दरिये लई जई सासुने डुबाडीने मारी नांखे छे. सासुने मारवानो अफसोस वहुने नथी पण आ मृत्युथी तेनी दीकरी अने दीकरो ( पोतानो पति ) रडशे तेम तेनुं कहेवुं छे. वहुना दरेक काममां दखल करती सासुने मारी नाखीने वहु कायमनो छूटकारो मेणवे छे. आ समयनी माथाभारे वहुनो अहीं परिचय थाय छे.

कथागीतनो स्तोत्र :- गुजरात लोकसाहित्यमाणा , मणको दसमो

पृष्ठक्रम :- **२८६ , २८७**

आवृति :- प्रथम आवृति **१९६८**

संपादक : - गुजरात लोकसाहित्य समिति , श्री वसंत जोधाणी

माहितीदाता : - …………

बाह्य विगत : –

पाठान्तर

आरंभनी पंक्तिओ :

रणझण रणझण रेंटियो वागे,
सासु जाणे वहु कांतशे रे; मारी वहु रे समाणी,
वहु रे वउ, मने सुतर देखाडो;
सुतर सुतरियाने घेर रे; मारी बाई रे समाणी.

अंतनी पंक्तिओ :

आगण बाईजी ने पाछण वउजी,
दरियो ओपवा जाय रे; मारी सही रे समाणी.
बाईजी बूडयां, ने साडला तरे छे,
जुअे जगतना लोको रे; बाईजी झारी शोधे छे.

कुल पंक्ति संख्या : – **१०**

सारांश : – वहु जे रेंटियो कांतशे अेवो सासुनो आदेश होय छे. सासु वहु पासे सुतर जोवा मांगता वहु ते सुतर वेंची दीधानी वात करे छे. तेथी सासु वहु पासे पैसा जोवानी मांगणी करतां वहु तेनी झारी लावी होवानी वात करे छे. सासु – वहु वच्चेना आ संवादमां झारीना कटका थई गया; कटका वाडामां नाखी दीधां; वाडो बणी गई; बणी गयेली वाडोनी राख दरियामां नाखी दीधानी वात उपजावी काढे छे. सासुनी जीद् ने कारणे सासु – वहु दरिये जाय छे. वहु आगण चालती सासुने दरियामां धकेली दई मारी नाखे छे. डूबी गयेली सासुनो दरियाना पाणी पर तरी रहेलो साडलो बतावीने वहु लोकोने तेनी सासु झारी शोधवाने कारणे मरी गयानी वात उपजावे छे. कजियाणी सासुनो पोताना जीवनमांथी कांटो केवी रीते काढे छे ते वहुनी क्रियामां तेनी कुनेह छती थाय छे.

कथागीतनो स्तोत्र :- गुजराती लोकसाहित्यमाणा , मणको दसमो

पृष्ठक्रम :- **२८७ , २८८**

आवृति :- प्रथम आवृति **१९६८**

संपादक : - गुजरात लोकसाहित्य समिति , श्री वसंत जोधाणी

माहितीदाता : - …………

बाह्य विगत : –

शीर्षक : वणझारा वालम लोल

आरंभनी पंक्तिओ :

नायक रे सौ चाल्यां परदेश;
आपणे घेर बेसी शुं करशुं ? वणझारा वालम लोल
गोरी रे, सौनी गांठे छे गरथ,
आपणे गांठे नथी अेक दोकडो; वणझारा वालम लोल

अंतनी पंक्तिओ :

बण्या रे भाभी वगडा मोझार,
अमे रे आविया ने वीरा त्यां रिया; वणझारा वालम लोल.
ससरा ! रे तारुं जाजो नख्खोद,
साते भव रेजो वांझिया; वणझारा वालम लोल

कुल पंक्ति संख्या : – **२७**

सारांश : – सासरियामं ससरा , जेठ, दियर पोठो लईने परदेश वेपार करवा नीकणे छे. पण वचला दीकरा पासे मूडी नथी. तेनी पत्नी पोतानां घरेणां वेची पैसानी व्यवस्था करी पतिने मोकले छे. वेपार करीने जेठ, ससरा , दियर पाछा आवे छे. ते स्त्री पोतानो पति केम न आव्यो अेम पूछता जेठ, ससरा उडाउ जवाब आपे छे अंते स्त्रीनो दियर कहे छे के रस्तामां आवता आराम करी रहेला तेना पतिने साप करडतां ते मृत्यु पाम्यो छे. पतिना मृत्युना समाचार सांभणी हतप्रत बनेली परणीता सासरियाने शाप आपे छे.

